Website : www.jivdayamandli.org
જૂન ૨૦૧૬
Email : shreejivdaya@gmail.com sanjay@jivdayamandli.org

શ્રી મુંબઈ જીવદયા મંડળી દ્વારા પ્રકાશિત

શ્રી મુંબઈ જીવદયા મંડળી
સ્થાપના ઈ.સ. ૧૯૧૦

# જીવદયા


VOL. 35 - Issue No. 06 - Mumbai - JUNE 2016 - Price : Rs.5/- Page : 32



# શ્રી મુંબઈ જીવદયા મંડળીના આધારસ્તંભો



જીવદયા પ્રવૃત્તિના પિતામહ
દયાલંકાર
સ્વ. શ્રી લલ્લુભાઈ દીપચંદ ઝવેરી



પ્રાણી મિત્ર
સ્વ. જયંતીલાલ નારદલાલ માન્કર



પ્રાણી મિત્ર
સ્વ. દશરથભાઈ એમ. ઠાકર

## પ્રતિવર્ષ લાખો રૂપિયા ખર્ચીને પ્રત્યક્ષ અભયદાન આપતી એકમાત્ર સંસ્થા

### છેલ્લાં બે વર્ષમાં બચાવેલાં જીવોની વિગત

| વર્ષ | ગાય | વાછરડા-વાછરડી ધાવણાં | બળદ-ભેંસ પાડા-પાડી | બકરાં-ઘેટાં | ઘોડા-ગધેડાં વગેરે | કૂતરાં | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| એ-૧૫થી માર્ચ-૧૬ | ૧૮૪૫ | ૨૭૭૨ | ૪૮૮ | ૨૦૫ | ૧૭૪ | — | ૫૪૮૪ |
| મે ૨૦૧૬ | ૨૫૦ | ૩૦૨ | ૬૩ | ૩ | ૧૦ | — | ૬૨૮ |
| અમદાવાદ મે ૨૦૧૬ | ૯૬ | ૧૩૩ | ૦ | - | - | — | ૨૩૮ |

## શ્રી મુંબઈ જીવદયા મંડળીના કાર્યની રૂપરેખા

જીવદયા ગૌરક્ષા અને માનવ સેવા ક્ષેત્રે શ્રી મુંબઈ જીવદયા મંડળી એકસો પાંચ વર્ષથી કાર્યરત છે. મુંબઈ જીવદયા મંડળી માત્ર એક સંસ્થા છે જેને કતલખાને જતા સરકારી ખાતા દ્વારા પકડાયેલા તથા ગેરકાયદે ખાનગી કતલખાને જતા પોલીસખાતા દ્વારા જપ્ત કરાયેલા હજારો લાચાર પશુઓને સોંપવામાં આવે છે. જેમાં મુંબઈ મહાનગર પાલિકાના કેટલ પૌંડ. દેવનાર પશુવધ ગૃહ તથા થાણા મહાનગરપાલિકા, મીરા-ભાયંદર તથા વસઈ-વિરાર મહાનગર પાલિકા તેમજ સરકારી ડેરીઓમાંથી રિજેક્ટ કરેલા તથા અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા રખડતાં જપ્ત કરેલા જીવોનો સમાવેશ થાય છે.

આ પશુઓને મુંબઈ વસઈ સ્થિત શ્રી મહાવીર તિર્થધામ પાસે મંડળીની માલિકીના બે વિશાળ પશુ આશ્રમોમાં તથા અમદાવાદની પાંજરાપોળોમાં રાખી પાલન-પોષણ કરી નિભાવવામાં આવે છે. આ પ્રવૃત્તિમાં મંડળીને પ્રતિવર્ષ કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે મંડળીના બે પશુ આશ્રમો તથા અમદાવાદની પાંજરાપોળોમાં નિભાવવામાં આવતા પશુઓનો ખર્ચ પ્રતિદીન ૭૦,૦૦૦ (સીત્તેર હજાર) રૂપિયા જેટલો થયા જાય છે.

અહિંસક સમાજની જીવદયા અને અભયદાનની પરમ ઉપાસના ઉપર શ્રદ્ધા રાખી મંડળીએ તમામ જીવોને કતલખાનેથી છોડાવવાની તથા નિભાવવાની મોટી જવાબદારી સ્વીકારી લીધી છે.

: પ્રમુખ :
શ્રી પ્રાણલાલભાઈ શેઠ વેકરીવાલા-ટ્રસ્ટી
: ઉપપ્રમુખો :
શ્રી સુરેશભાઈ દેવચંદભાઈ શાહ-ટ્રસ્ટી
શ્રી હસમુખભાઈ સી. શેઠ
: માનદ્ મંત્રી :
શ્રી યોગેશભાઈ અમીચંદ જવેરી
: જોઈન્ટ સેક્રેટરી :
શ્રી ભરતભાઈ અમુલખભાઈ વીરાણી
: ખજાનચી :
શ્રી પ્રવીણભાઈ પ્રભુદાસ સંઘવી
: ટ્રસ્ટીઓ :
શ્રી દામજી લાલજી એંકરવાલા
શ્રી કિશોરભાઈ બી. સંઘવી
શ્રી સંજયભાઈ બી. કોઠારી (અમદાવાદ)
: સભ્યા. સભ્યો :
શ્રી અશ્વિનભાઈ એમ. મહેતા
શ્રી જયસુખલાલભાઈ આર. વોરા
શ્રી શૈલેષભાઈ એ. જવેરી
શ્રી શૈલેષભાઈ આર. દોશી (દેપલાવાલા)
શ્રી નાનાલાલભાઈ એલ. શાહ
શ્રી પિયુષભાઈ વી. શાહ,
શ્રી ભરતભાઈ કે. મહેતા
શ્રી રમેશભાઈ વી. શાહ

વર્ષ ૩૫ જૂન ૨૦૧૬ અંક : ૬

# જીવદયા

You are directly deposited Donation in our Bank of Baroda, Z.B. Branch on S/B A/c. 04230100002123
Also directly deposited Foreign Contribution Donation In Bank of Baroda, ZB Branch-SB A/c. No. 04230100010132
RBI Permission Code - 083780740.

તંત્રી : ડૉ. રતનબેન ખીમજી છાડવા

કાર્યાલય : દયા મંદિર, ૧૨૫-૧૨૭, મુંબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૩. • ફોન : ૨૩૪૨ ૫૫૭૪/૨૩૪૪ ૬૦૨૪

સકવાર/ભાલીવલી પશુઆશ્રય સ્થાનઃ પો. ખાનિવડે, મુંબઈ-અમદાવાદ હાઈવે, રામકૃષ્ણ મિશન આશ્રમ ડિસ્પેન્સરી પાસે, તા. વસઈ, જિ. થાણા. (શીરસાડ ધર્મસ્થાનકથી આગળ અમદાવાદ હાઈવે પર ૪ કિલોમીટરે ભાલીવલી તથા ૧૦ કિલોમીટરે સકવાર આવેલ છે.)

શાખા : ગુજરાત રાજ્ય કાર્યાલય : ૪૦૩, નાલંદા એન્કલેવ, સુદામા રીસોર્ટની સામે, પ્રીતમનગર પહેલો માળ, એલીસ બ્રીજ, અમદાવાદ-૩૮૦ ००૬. • ફોન : ૩૦૦૨૮૧૧૩/૨૬૫૭૮૧૧૩

મુંબઈની શ્રી જીવદયા મંડળીનું માસિક મુખપત્ર

## जीवदया प्रेमी दाताओ से नम्र विनंती

श्री मुंबई जीवदया मंडली अर्थात् धी बॉम्बे ह्युमिनिटेरियन लिग ये पशु संवर्धन रजिस्टर्ड संस्था है। उसकी स्थापना सने १९१०मे कि गइ है और जीवदया गौरक्षा क्षेत्रे १०६ वर्षो से कार्यरत है। गौमाता को कत्तलखाने से बचानेवाली ये मात्र एक ही संस्था है। जो हरसाल जीवदया प्रेमीओ को एक लाख रूपये की धनराशी का अेवोर्ड और गाय-बछडे का स्मृति चिन्ह दे के सन्मानित करते है। इस अेवोर्ड के ज्युरी पूर्व जस्टीज माननीय पद्मभूषण श्री चन्द्रशेखर धर्माधिकारीजी है। जीवदया मंडली के मुंबई मे वसई अमदावाद हाईवे पर श्री महावीर धाम धर्मस्थानक के पास शकवार और भालीवली दो पशु आश्रम है। वहा कत्तलखाने से छुडाये गये १५००-१६०० गाय बछडे और अन्य पशुओ है। संस्था उसका पालन-पोषण करके निभाते है। दो सालसे बारिश कम होने से घास-चारा बहुत महेंगा हो गया है। एक किलो का छे से सात रूपिया भाव चल रहा है। जो एक पशु को दीन मे सात-आठ किलो खिलाया जाता है। साथ मे हरी घास और सुग्रास पशु आहार खिलाया जाता है। एक पशु को कतलखाने से छुडाने के लिए (दो हजार) रू२०००/- धनराशी रखी गइ है और एक पशु का एक दिन का घासचारा पचास रूपिया के हिसाब से महिने का १५००/- और एक साल का १८०००/- रखा गया है। कृपया सहयोग करे।

**(મંડળીને મળેલું દાન 80-G હેઠળ સરકારમાન્ય કરમુક્તિને પાત્ર છે. ચૅક-ડ્રાફ્ટ શ્રી મુંબઈ જીવદયા મંડળી અથવા બૉમ્બે હ્યુમિનીટેરીયન લીગના નામે લખવો).**
**(THE BOMBAY HUMANITARIAN LEAGUE)**

**અમદાવાદ શાખા**–૪૦૩, નાલંદા એન્કલેવ, સુદામા રિસોર્ટની સામે, પ્રિતમ નગર, પહેલે માળે, એલિસ બ્રિજ, અમદાવાદ–૩૮૦ ૦૦૬.
ફોન નં. (079) 26578113 & 3002 8113. Email: sanjay@jivdayamandali.org
**જામનગર સંપર્ક સૂત્ર** – શ્રી અનિલભાઈ જગજીવનદાસ શાહ(ખીરસરાવાળા) (M-9099526770)
● નેમિનાથ કોમ્પલેક્ષ, ત્રીજો માળ, ચાંદી બજાર પાસે, જામનગર–૩૬૧૦૦૧. Ph.No.: (0288) 2665418
તથા શ્રી યોગેશભાઈ વોરા (M-9825388839)

| | |
|---|---|
| ૧) એક જીવ છોડાવવાના (નાનો કે મોટો) | રૂા.૨૦૦૦/- |
| ૨) અભયદાન રીઝર્વ ફંડ(કાયમી તિથી) | રૂા.૨૦૦૦૦/- |
| ૩) ઘાસચારા રીઝર્વ ફંડ (કાયમી તિથી) | રૂા.૨૦૦૦૦/- |
| ૪) સંસ્થાના ૧ ઢોરનો ઘાસચારા ખર્ચ ૧ મહિનાનો | રૂા. ૧૫૦૦/- |
| ૫) શ્રી જીવદયા માસિક આજીવન લવાજમ | રૂા.૧૮૦૦/- |
| ૬) શ્રી જીવદયા માસિક વાર્ષિક લવાજમ | રૂા. ૨૦૧/- |
| ૭) એક ઢોરનો નિભાવ ખર્ચ એક મહિનાનો | રૂા. ૫૦૦૦/- |

*''જીવદયા''માં પ્રકાશિત વિચારો લેખકોના પોતાના છે. મુંબઈ જીવદયા મંડળી કે તંત્રી એ વિચારો સાથે સહમત હોય તે જરૂરી નથી.*

# અમૂલ્ય મોતી

તંત્રી - ડૉ. રતનબેન ખીમજી છાડવા

એકવાર સંત કબીર ફરતા ફરતા દરિયા કિનારે પહોંચી ગયા. ત્યાં તેઓ જુએ છે કે, કેટલાંક લોકો ચાળણીથી દરિયાની રેતીને ચાળી રહ્યા હતા. અને રેતી ચાળ્યા પછી ચાળણીમાં કાંઈક શોધી રહ્યાં હતા. કબીર વિચારવા લાગ્યા કે આ લોકો શું કરી રહ્યાં છે? તેઓ તેમની પાસે ગયા અને પૂછવા લાગ્યા, ભાઈઓ તમે રેતીને શા માટે ચાળી રહ્યા છો? તેમાં તમે શું શોધી રહ્યાં છો? શું તમારી કોઈ કિંમતી વસ્તુ ખોવાઈ ગઈ છે? કે કોઈ વસ્તુ અહીં પડી ગઈ છે?

આ સાંભળી એકાદ જણે જવાબ આપ્યો, નહિ, નહિ, અમારું કોઈ પણ ખોવાયું નથી. અમે એમ સાંભળ્યું છે કે સમુદ્રમાં તો મોતી પાકે છે. આ રેતી પણ સમુદ્રની છે. તેથી તેમાં પણ કદાચ ક્યાંથી આવીને મોતી દબાઈને પડેલાં હોય અને આ કારણથી અમે રેતીને ચાળી રહ્યા છીએ કે અમને ચળકતાં અને કિંમતી મોતી ક્યાંક મળી જાય.

ત્યારે કબીરે પાછું પૂછ્યું કે, શું તમને હજી સુધી કોઈ મોતી મળ્યું છે કે નહિ? ત્યારે લોકોએ જવાબ આપ્યો, હજી સુધી તો મોતી મળ્યાં નથી પણ કદાચ હવે મળી પણ જાય. કબીરે લોકોની સામે જોઈને પૂછ્યું, કેટલાં વર્ષોથી તમે આ કામ કરી રહ્યાં છો? કોઈએ કહ્યું કે, દસ વર્ષથી, કોઈએ વીસ વર્ષથી તો કોઈએ ત્રીસ વર્ષનો સમય બતાવ્યો.

કબીર વિચારવા લાગ્યા કે આ લોકો કેવળ આશાને આધીન થઈ રાત-દિવસ પરિશ્રમ કરે છે. ત્રીસ ત્રીસ વર્ષ વીતી ગયા છતાં તેમને મોતીનું એક કણ પણ ન મળ્યું. છતાં પણ તેમના મનમાં મોતી પ્રાપ્ત કરવાની આશા છે.

અંતે સંત કબીરે તેમને સમજાવ્યું કે, એ સત્ય છે કે સમુદ્રમાં મોતી હોય છે. પરંતુ તે સમુદ્રના તટ પર પથરાયેલ રેતીમાં હોતાં નથી. અહીંયા તો તમને છીપના, શંખના ટૂકડાઓ અવશ્ય મળશે પરંતુ જીંદગી આખી મહેનત કરશો તો પણ મોતી મળશે નહિ. જો તમારે મોતી મેળવવું હોય તો સમુદ્રનાં તળિયે પહોંચવું પડશે. કેમ કે મોતી તો સમુદ્રની બહાર રેતીમાં સમુદ્રના પટ ઉપર નહિ પણ અંદરના પેટાળમાં જ હોય છે. મોતી મેળવવા માટે તો તમારે મરજીવા બની સમુદ્રમાં કૂદવું પડશે તો જ તમને મોતી મળશે.

એવી જ રીતે પરમાત્માને પામવા માટે પણ પોતાની ભીતરમાં જ ડૂબકી લગાડવી પડશે. પરમાત્મા ક્યાંય બહાર નથી, તમારી ભીતરમાં જ છે. પરંતુ તેના માટે મોહના ગાઢ આવરણને ભેદીને પોતાની અંદર ઊંડી ડૂબકી લગાવવી પડશે. ત્યારે જ સ્વ-સ્વરૂપને પામી શકાશે.

અસ્તુ.

દુ:ખની પાછળ શોક નહીં પણ શોધ કરો, એ આવ્યું ક્યાંથી?

# શ્રી મનોરમા - ગો - ઉત્સવ

શ્રીમતી કુસુમબેન રૂપારેલ

રાજસ્થાનના સીરોઈમાં શ્રી પથમેડા ગૌ-ઉત્સવનું મને આમંત્રણ મળ્યું. અહિયા મનોરમા ગૌ ઉત્સવનું બહુ જ મોટું આયોજન કરવામાં આવે છે. મનોરમાએ એક ગાયનું નામ છે. આ ગાય માતાનો પ્રેમ અહિના લોકોમાં ખૂબ જ ભક્તિ-ભાવ પૂર્ણ છે. આપણે જેમ જયશ્રી ક્રિશ્ન, જય માતાજી, જય શ્રીરામ, જય જિનેન્દ્ર બોલીએ છીએ તેમ ત્યાના લોકો જય ગૌમાતા બોલે છે. આ ગૌશાળાની સ્થાપના શ્રી દત્તશરણ મહારાજ સાહેબે એક ગાયથી કરી હતી. જેના નામનો ગૌઉત્સવ મનાવવામાં આવે છે. તેનું નામ મનોરમા રાખવામાં આવ્યું હતું. વર્ષો પહેલા આ ગાયને કસાઈઓ કતલખાને લઈ જતા હતા પણ ગાય જવા માટે તૈયાર ન હતી. તે એકજ જગ્યાએ બેસી રહી. કશાઈઓએ તેના ઉપર ખૂબ જ જુલ્મ કર્યા. મારપીટ કરી પણ આ ગાય ત્યાંથી ઉઠી જ નહિ. આખરે આ ગાયની વ્હારે સંત દત્તશરણ મહારાજ સાહેબે આવીને પોતાના શરણમાં લીધી અને નંદીગામમાં ગૌશાળા બનાવી જેનું નામ મનોરમા રાખવામાં આવ્યું. પર્વતોથી ઘેરાયેલા આ વિસ્તારમાં અત્યારે એક લાખ વીસ હજાર જેટલી ગાયો છે આ ગામનું નામ નંદગામ છે. ત્યાં તમોને કનૈયાની યાદ આવી જાય. જ્યાં સત્તર હજાર નંદી છે. જે વિશ્વ સહુથી વધુ છે. ગૌશાળાનુ આયોજન પણ બહુ જ સુંદર ચાલે છે. અહિ ગાયત્રી મહાયજ્ઞની પુર્ણાહુતીમાં જગતગુરુ શંકરાચાર્ય અને દેશ વિદેશના મોટા મોટા સાધુ-સંતો અને ગૌભક્તો પધાર્યા હતા. ત્યાંના મહારાજે દોઢ મહીના સુધી દૂધ અને છાસ પર રહીને પચ્ચીસ લાખ ગાયત્રી મંત્રના જાપ બ્રાહ્મણો અને શ્રેષ્ઠીઓએ મળીને કર્યા હતા. અહિનું વાતાવરણ ખૂબ જ પવિત્ર અને આત્મસંતોષ પમાડે તેવું છે. ગૌ-ઉત્સવમાં શરૂ થયો. ગૌકથા શરૂ થઈ મહારાજ સાહેબની વાણીથી વાતાવરણ તમામ ગૌમય-ભક્તિમય બની ગયા હતા. દ્વારકાથી જાન આવી હતી. જેમાં હજ્જારો જાનૈયા વાજતે-ગાજતે આવ્યા હતા. અને ૧૦૦૮ શાલીગ્રામ ગૌધુન વેદા, તુલશી અને શાલીગ્રામના વિવાહ સંપન્ન થયા હતા. જેમા લગ્ન ગીતોની રમઝટ થઈ હતી. આ પ્રસંગે અઢી લાખ મેદનીમાં ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા. સાંજના સાંસ્કૃતિક કાર્યક્રમ હતા. જીવનમાં આવો લ્હાવો મળવો ધન્યતા છે. મને આ પ્રસંગ માણવા મળ્યો તેનું વિસ્તારથી વિવરણ કરેલ છે. ખરેખર પથમેડાનો મનોરમા ગૌઉત્સવ માણવા જેવો છે. અહિયા મનોરમા ગાય માતાની સમાધિ પણ બનાવેલ છે.

***જીવદયા એવોર્ડ વિજેતા***
***શ્રીમતિ કુસુમબેન રૂપારેલ***

તન ન બગડે એ માટે સાવધાની રાખીએ છીએ, પણ મન માટે શું ?

# 'મા'-ની મમતાનું મહત્વ પ્રગટ કરતાં સુવાક્યો

૧) 'મા'-ની કૂખમાં ૯ નવ-મહિના રહ્યા પછી જેનો જન્મ થાય છે તે 'માનવ'.
૨) 'હાલરડુ'-એટલે મા નામના પ્રદેશનું રાષ્ટ્રગીત.
૩) તારાઓ આકાશની કવિતા છે, તો મા ધરતી ઉપરની કવિતા છે.
૪) મા આગળ તો ખુદ ભગવાન પણ નાનું બાળક છે.
૫) 'બાળક'-માં પહેલો અક્ષર 'બા'-છે અને 'માણસ'-મા પહેલો અક્ષર 'મા' છે.
૬) માતાનો ખોળો એટલે પ્રેમની યુનિવર્સિટી અને સ્નેહનું સરોવર.
૭) ભગવાનનું બીજું નામ 'મા' છે.
૮) 'મા' એ એક અક્ષર કે શબ્દ નથી, એક સર્વોત્તમ તીર્થ છે.
૯) મા, માતૃભૂમિ અને માતૃભાષા-આ ત્રણનો કોઈ બીજો વિકલ્પ જ નથી.
૧૦) મા-નું ઋણ ચૂકવવા જતાં તો ખૂદ ભગવાન પણ દેવાળિયો થઈ જાય.
૧૧) માતાની ગોદમાં બેઠેલું શિશું એ આ સમગ્ર વિશ્વનું શ્રેષ્ઠ ચિત્ર છે.
૧૨) 'મા' શબ્દનો અર્થ સમજાવવાનો નથી, 'મા'ને સમજવાની છે.
૧૩) માતાનું હૃદય એ બાળકની પ્રાથમિક શાળા છે.
૧૪) માનવતાનો પહેલો પાઠ એ માતાનું બાળકને કરેલું ચુંબન છે.
૧૫) મા એક એવી ઋતુ છે જેને કદી પાનખર ઋતુ આવતી જ નથી.
૧૬) પોતાની માતા વગર ક્યો પુરુષ આ પૃથ્વી ઉપર અવતર્યો છે?
૧૭) જે રાહ જુએ છે તે માતા છે!
૧૮) જેના માથા ઉપર માનો હાથ ફર્યો નથી તેના જેવો દુઃખી બીજો કોઈ જ નથી.
૧૯) ઝંઝાવાત પણ ઘડીભર જ્યાં થોભી જાય છે તે 'મા' છે.
૨૦) આ જગતમાં પૈસાથી બધુ જ ખરીદી શકાય છે, મા નહિ.
૨૧) ભગવાન બધે પહોંચી ના વળ્યા, એટલે એમણે 'મા'નું સર્જન કર્યું.
૨૨) મા-વગરનું ઘર અને ઘર વગરની મા-એ આ જગતની સૌથી વધુ કરુણ ઘટના છે.
૨૩) પિતા આમ્રવૃક્ષ છે, મા આમ્રમંજરી છે, બાળકો ફળ છે, મમતા એ ટહુકો છે.
૨૪) હાથીના પગલામાં જેમ બધાં પગલાં સમાય છે તેમ માના હેતમાં બધુ સમયા છે.
૨૫) માની ખુશીમાં જ જે ખુદાની ખુશી જુએ છે તેને મંદિર જવાની કોઈ જરૂર જ નથી.
૨૬) માની પ્રદક્ષિણામાં આખી પૃથ્વીની પ્રદક્ષિણા જેટલું પુણ્ય સમાયેલું છે.
૨૭) માતા સમગ્ર માનવજીવનનું પવિત્ર ગંગાજળ છે.
૨૮) પુત્ર કુપુત્ર થાય છે પણ માતા કદી કુમાતા નથી થતી.
૨૯) આખા જગતમાં સૌથી પહેલો અને સૌથી વધુ જે શબ્દ બોલાય છે તે 'મા' છે.
૩૦) પિતાનો પ્રેમ સૂર્ય જેવો છે, પણ માનો પ્રેમ તો ચંદ્ર જેવો છે.
૩૧) મા-વિનાની દીકરી, જાણે રસ્તે રઝળતી ઠીકરી.
૩૨) પહેલાં મા યાદ આવતાં આંસુ આવતાં, આજે આંસુ આવે છે ને મા યાદ આવે છે.
૩૩) મા-બાળકના આખા ભવનો ભવ્ય વૈભવ છે.
૩૪) મા તે મા... બીજા બધા વગડાના વા. માતૃદેવો ભવ
૩૫) મા-ના ચરણોમાં શતકોટિ વંદન.

***-સાભાર-ધર્મલોક ગુજરાત સમાચારમાંથી***

પ્રભુ 'સારા' લાગે ત્યારે નહીં પણ 'મારા' લાગે ત્યારે ધર્મની શરૂઆત છે.

# પાંજરાપોળને પ્રાણવાન બનાવવા...

ગુણવંત બરવાળિયા

ગૌશાળા કે પાંજરાપોળને માત્ર ઢોરવાડા કે પશુઓને પુરવાના ડબ્બા ન સમજતાં તેને જીવદયાના પવિત્ર મંદિર રૂપે સ્વીકારીશું તો ધર્મ-સમાજ અને રાષ્ટ્રના ઉત્થાનમાં યોગદાન આપી શકીશું.

કેટલીયે ગૌશાળા અને પાંજરાપોળને રાજા-મહારાજાઓ, શ્રેષ્ઠીવર્યો, અને દાનવીરોએ સેંકડો એકર જમીન ભેટમાં આપેલી છે. કેટલાંક ટ્રસ્ટોએ પોતે જમીનો મેળવી છે. આ વીડની જમીનનો પુરો ઉપયોગ થતો નથી. વીડ વેરાન ન થવી જોઈએ. આવી જમીન પર વૃક્ષો ઉગાડીએ, જુવાર કે બાજરો ઉગાડીએ તો જ પશુઓને લીલો ચારો મળી શકે. હા આવાં વાવેતર ચારાના હેતુ માટે જ હોવું જોઈએ. ગૌશાળાની જગ્યામાં ચોકખાઈ, હવા-ઉજાસ અને મોકળાશ હોય તેવી ગોઠવણ જરૂરી છે.

પાંજરાપોળ કે ગૌશાળા જેવા ટ્રસ્ટોનો વહીવટ પારદર્શક હોવો જોઈએ. દક્ષ સંચાલકો દ્વારા પ્રમાણિક રીતે વહીવટ થાય. સમયસર સાચા હિસાબોનું પ્રકાશન થાય અને તે દાતાઓ અને રસ ધરાવતી વ્યક્તિઓને વિગતવાર અહેવાલ સાથે સમયે સમયે પાઠવવામાં આવે તો સંસ્થાપ્રતિ લોકોની નિષ્ઠા વધશે.

પાંજરાપોળ કે ગૌશાળાનું સંચાલન કરતો સ્ટાફ ગતિશીલ હોવો જોઈએ. નવું કરવાની અને સ્વીકારવાની ધગસ હોવી જોઈએ. યુવાન લોકોને આ કાર્યમાં રસ લેતાં કરીશું તો ઘણું સારું પરિણામ આવશે.

સમગ્ર ગુજરાત, સૌરાષ્ટ્ર મહારાષ્ટ્ર અને કચ્છમાં ગાંડાબાવળે કાળો કેર વર્તાવ્યો છે. એને નાથવા સરકારે અને બીનસરકારી સંસ્થાઓએ પ્રચંડ પુરૂષાર્થ કરવો પડશે.

પાંજરાપોળને પ્રાણવાન બનાવવા કેટલાંક વહેવારું ઉપાયો છે જે આ સાથે પ્રસ્તુત કરેલ છે. એ પથદર્શક મુદ્દાઓ સંસ્થાના ટ્રસ્ટીઓ અને સંચાલકો ધ્યાનમાં લેશે તો ઘણો લાભ થશે.

પાંજરાપોળની વીડની જમીનમાં દર ૫૦ એકરદીઠ ૧ એકરનું ૧૦ મીટર ઊંડું તળાવ હોવું જોઈએ... તળાવને કારણે પશુધનને પૂરતું પીવાનું પાણી ઉપલબ્ધ થાય, જમીનમાં ભોજનો સંગ્રહ થાય જેથી પુષ્કળ ઘાસચારો ઉગે અને વૃક્ષોને પોષણ મળે. આ રીતે જળરક્ષાનું કાર્ય થઈ શકશે.

પાંજરાપોળની જમીન મુખ્યત્વે પશુધનને ઉપયોગી ચારા ઉગાડવા માટે છે. સાથે સાથે પશુઓને છાંયો મળે, પક્ષીને ચણ મળે, જમીનને ભેજ મળે અને વરસાદની આવક વધે તે માટે એકર દીઠ ૧૨ વૃક્ષોનું આયોજન કરવું જોઈએ.

**વૃક્ષો જેમાં મુખ્યત્વે** : વડ, પીપળ, આંબો, આંબલી, લીમડો-(પંચવટી), હરડે, બહેડાં, આમળાં (આયુર્વેદ) સમી, બીલીપત્ર, ઉંબરો, નિર્મળી (પાણી માટે) ઉગાડવાથી

વનરક્ષાના કાર્યને વેગ મળશે.

જમીન ઉપર થતા અતિક્રમણથી બચવા આયુર્વેદિક ઔષધિઓની કાંટાળી વાડ જેમાં કૌંચા, કાંચકા, ગળો, મધુનાશિની, શતાવરી, ભીલામા, ચણોઠી, શેવરી, અગસ્થ-દ્વારા જમીનની સુરક્ષા અને પશુઓને ચારો મળશે ને વળી ભુરક્ષા થશે.

પાંજરાપોળમાં આવતા પશુધનને પૂરતું ખવડાવી શકીએ તે માટે ''એક એકર દીઠ એક પશુ'' રાખવાની વ્યવસ્થા અને જમીનમાં મોટા પાયે વિવિધ જાતના દેશી ઘાસના વાવેતરનું આયોજન કરવું જોઈએ. સાથે સાથે અનેક જાતની કડબ તેમ જ વિવિધ જાતનાં ચરાણયોગ્ય વૃક્ષોના વાવેતરના આયોજનથી પશુ રક્ષા થશે.

ઘણી પાંજરાપોળને ઈન્ડસ્ટ્રિયલ એક્ટ. લેબર એક્ટ, ગણોતધારો, જમીન ટોચમર્યાદા હેઠળ પરેશાન કરવામાં આવે છે. કતલખાને જતા પશુધનને અટકાવવા માટે સરકાર તરફથી પોલાં વચનો સિવાય કાંઈ મળતું નથી. આ અંગે કાયદાના નિષ્ણાતોની પેનલ બનાવી સતત માર્ગદર્શન આપવું જરૂરી છે. જેથી કાયદાકીય ગુંચ ઉકલી શકે.

મરઘાં ઉછેર, મત્સ્યોદ્યોગ, રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ આદિ અનેક હિંસક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપતી સરકાર સામે જીવદયાની જ્યોત જલતી રાખવા તમામ ગૌશાળા-પાંજરાપોળને કાયમી ધોરણે સબસિડી મળે તે અંગે સરકાર સમક્ષ જોરદાર રજૂઆત કરવી જોઈએ.

*-સાભાર કામધેનૂ*

# માણસ એક રંગ અનેક

**પ્રવીણ સોલંકી**

જીવન કરતાં મૃત્યુ વ્યાપક છે. દરેક જણ મરે છે, પણ દરેક જણ જીવતું નથી. કેટલાક જીવતાં-જીવતાં મરતા હોય છે, કેટલાક મરતાં-મરતાં જીવતા હોય છે; તો કેટલાક મરેલા જ હોય છે, માત્ર તેનો અગ્નિસંસ્કાર જ મોડો થતો હોય છે. મોટા ભાગના લોકો વર્તમાનની ફરિયાદ કરવામાં, ભૂતકાળને યાદ કરવામાં અને ભવિષ્યની ચિંતામાં જ જીવતા હોય છે. જીવનને મોજ સમજીને જીવનારા કેટલા અને બોજ સમજીને જીવનારા કેટલા? કોઈ વ્યક્તિ સામે મળે ત્યારે આપણે અચૂક પૂછીએ છીએ, 'કેમ છો, મજામાં?' ત્યારે તે પણ કહે છે, 'હા, મજામાં,' પણ તે વ્યક્તિ શું ખરેખર મજામાં હોય છે? 'કેમ છો. મજામાં?' નો સાચો જવાબ આપણને ત્યારે જ સાંભળવા મળે છે. કોઈ વેપારીને પૂછીએ ત્યારે કહે, 'મજા ગઈ તેલ લગાવવા. સરકાર મજા લેવા જ ક્યાં દે છે?' રોજ નવા ફતવા બહાર પાડે છે અને ધંધાની પત્તર ધમી નાખે છે (હકીકતમાં તે મહિને લાખ-બે લાખ કમાઈ લેતોય હોય). કોઈ સંતોષી જીવન એમ પણ કહેશે, 'અરે બાપલા, હાકલા છે, આપણને શું દુઃખ છે?' (હકીકતમાં તે અનેક મુસીબતોથી ઘેરાયેલો પણ હોય) તો કોઈ એમ પણ કહેશે, 'આપણને તો મજા જ મજા છે. જીવો ત્યાં સુધી સુખેથી જીવો, દેવું કરીને પણ ઘી પીઓ' (હકીકતમાં એ નાણાં

જીવનમાં દુઃખો અનિવાર્ય છે, પણ દુઃખી થવું અનિવાર્ય નથી.

ધીરનારો, બીજાને દેવું કરાવનારો પણ હોઈ શકે). ટૂંકમાં કહીએ તો, કોઈ પણ વ્યક્તિનો જીવવાનો અભિગમ આપણે સહેલાઈથી જાણી શકતા નથી. તો આખરે આ જીવન છે શું? જેમ કોઈ એક વસ્તુ માટે જુદી-જુદી વ્યક્તિઓના જુદા-જુદા અભિપ્રાયો હોય એવું જ જીવન વિશે છે. દા.ત. તાજમહલ જોઈને કવિવર રવીન્દ્રનાથ ટાગોરે લખ્યું હતું,

'શું છે કહો આ યમુનાના તીરે
પ્રેમનો ચંદ્ર કે ચિંતા?
ના નથી એ ચંદ્રકે ચિતા
એ તો છે પ્રેમીના પ્રેમની ગીતા.'

તો શાહિર લુધિયાનવીને જુદી જ અનુભૂતિ થઈ હતી.

'એક શહેનશાહને દૌલત કા શહારા લેકર
હમ ગરીબોં કી મહોબ્બત કા ઉડાયા હૈ મજાક'

શકીલ બદાયુની ઊલટું જ કહે છે,

'એક શહેનશાહને બનવાને કે હસીં તાજમહલ
સારી દુનિયા કો મહોબ્બત કી નિશાની દી હૈ.''

તો વળી શેખાદમ આબુવાલા કહે છે,

'અરે તાજ જોનારા તને એ ગુલઝાર લાગે છે.
તો કેટલાયને એ આરસનો અવતાર લાગે છે
મળે જો શાહજહાં રસ્તામાં તો એટલું કે' જો કે
નીચે સૂતેલી મુમતાઝને પથ્થરોનો ભાર લાગે છે.'

એક ઉર્દૂ શાયરની અનુભૂતિ છે કે,

'મહોબ્બત ન હોતી તો ગઝલ કૌન કહેતા
કીચડ કે ફૂલ કો કમલ કૌન કહેતા?
યે ઈશ્ક કા કરિશ્મા હૈ, વરના
એક લાશ કે ઘરકો તાજમહલ કૌન કહેતા?

જીવન વિશે તત્ત્વજ્ઞાનીઓની અનુભૂતિ પણ અદ્‌ભુત છે. કોઈ કહે છે, જીવન એક સંગ્રામ છે અને જખ્મો વગર સંગ્રામ થઈ શકે નહીં. કેટલાક માણસો સંગ્રામ કરે છે, કેટલાક સંગ્રામમાં શરણે થઈ જાય છે. તો કેટલાક સંગ્રામમાં સમાધાન કરી લે છે. કોઈ તત્ત્વવેત્તા કહે છે, જીવન એક સાગર છે અને તોફાન વગર સાગર સંભવે નહીં. કેટલાક સાગરને તળિયે ડૂબકી મારીને મોતી શોધે છે, કેટલાક સપાટી પર તરીને આનંદ માણે છે, તો કેટલાક તરતાં-તરતાં ડૂબી જાય છે. જ્ઞાનીઓ કહે છે, જીવન એક યજ્ઞ છે અને જ્વાળા વગર યજ્ઞ થઈ શકે નહીં. કેટલાક જ્વાળાથી પ્રકાશિત થાય છે, કેટલાક જ્વાળાથી દૂર ભાગે છે તો કેટલાક જ્વાળાથી દાઝે છે.

શેક્સપિયર જીવનને રંગભૂમિ માને છે, ખેલાડીઓને મન જીવન એ ખેલ છે તો કલાકારોને મન જીવન એક કળા છે. તો શાસ્ત્રો જીવનને એક સપનું પણ ગણે છે. એક મજાની વાત છે કે સપનું જીવનને પૂછે છે કે હું સાચું ક્યારે પડીશ? જીવન કહે છે, ક્યારેય નહીં, કેમ કે તૂં સાચું પડે તો મારી મહત્તા ઘટી જાય.

જીવનનો મંત્ર શીખવો હોય તો ગુલાબના ફૂલ પાસે શીખો. કોઈકે ગુલાબને પૂછ્યું, 'તને તોડે છે ત્યારે દુ:ખ નથી થતું? ગુલાબે કહ્યું 'તોડનારાઓનો આનંદ જોઈને હું મારું દુ:ખ ભૂલી જાઉ છું.

અને છેલ્લે

તાજમહલ જોઈને કોઈક અજાણ્યા અમદાવાદીની શાયરી,

'મૂર્ખ હતો શાહજહાં કે લાખો વેર્યા તાજમાં
અરે બકા, હજારો મુમતાઝ મળી જાત એના વ્યાજમાં.'

***-સાભાર - પાખાડી દર્પણ***

# ગાયનું દુધ: અમૃત

## દૂધ સંપૂર્ણ શાકાહારી છે

દૂધ, મધુર, સ્નિગ્ધ, વાત-પિત્તનાશક છે, તત્કાલ વીર્યજનક, શીતલ સર્વ પ્રાણીઓનું જીવન, આયુષ્યકારક ઓજસ વધારનારું રસાયન છે.

ગાયનું દૂધ પથ્ય અત્યંત રૂચિકર સ્વાદિષ્ટ પિત્તનો નશ કરનાર. તેજ બુદ્ધિ-બળવર્ધક, વિવિધ ઔષધિમાં ઉપયોગી લોહી અને વીર્યવર્ધક છે.

ગાય જે જાતનો ખોરાક ખાય તે પ્રમાણે તેના ગુણો અને ઘીના પ્રમાણમાં ફેરફાર થાય છે.

જુદી જુદી રંગની ગાયોના દુધના ગુણમાં ફરક હોય છે. કાળી ગાયનું દુધ પિત્તનાશક અધિક ગુણવાળું હોય છે. કપિલા (પીળાશ પડતીબદામી રંગની ગાય)નું દૂધ વાત અને પિત્ત બંન્નેનો નાશ કરે છે. સફેદ ગાયનું દુધ કફ કારક અને પચવામાં થોડું ભારે હોય ઘેરી રાતી અને કાબરચીતરી ગાયનું દૂધ વાતનાશક છે. ગાયનું શેડકઢું દૂધ પચવામાં હલકું ઠંડક આપનાર ભુખ લગાડનાર ત્રિદોષ હરનાર છે. મહાભારતમાં યુધિષ્ઠિરે તેને દુનિયાના અમૃત તરીકે વર્ણવેલ છે.

મેનકા ગાંધીએ એક સભામાં એવું કહ્યું કે દૂધ લોહી છે માટે તે પીવાય નહિં. મેનકા ગાંધી જીવદયા પ્રેમી અને પ્રદુષણ મુક્ત પર્યાવરણના ચાહક છે પરંતુ તેમનું આ વિધાન તદ્દન ગેરસમજણ ભરેલું છે.

પ.પૂ. ચંદ્રશેખરવિજયજી મહારાજ સાહેબ અને આ વિષયનાં અભ્યાસુ સ્વ. વેણીશંકર મોરારજી વાસુના વિચારોનો અભ્યાસ કરતાં આ ગેરસમજણ દૂર થશે.

ગાયનું દુધ, ગોરસ કે ઘી કોઈપણ હાલતમાં લોહી નથી.

આયુર્વેદની દ્દષ્ટિએ વિચારીએ, તો શરીરમાં સાત ધાતુ છે. રસ, લોહી માંસ, મેદ, હાડકાં, મજ્જા, વીર્ય. દરેક ધાતુને તૈયાર થતાં સાત દિવસ લાગે. એ રીતે ૪૩ થી ૪૯માં દિવસમાં આજે ખાધેલા ખોરાકનું વીર્ય થાય છે.

*-કામધેનૂ સાભાર*

# ઊઠ જાગ મુસાફીર

ઊઠ જાગ મુસાફીર ભોર ભઈ
અબ રૈન કહાં જો સોવત હૈ.
જો સોવત હૈ સો ખોવત હૈ
જો જાગત હૈ સો પાવત હૈ...ઊઠ
ટૂક નીંદસે અંખિયાં ખોલ જરા,
ઓ ગાફિલ, રબસે ધ્યાન લગા,
યહ પ્રીત કરનકી રીત નહી,
રબ જગત હૈ તૂ સોવત હૈ,...ઊઠ
અય જાન, ભુગત કરની અપની,
ઓ પાપી, પાપમેં ચૈન કહાં?
જબ પાપકી ગઠરી સીસ ધરી,
ફિર સીસ પકડ ક્યોં રોવત હૈ?...ઊઠ
જો કાલ કરે સો આજ કરલે,
જો આજ કરે સો અબ કર લે,
જબ ચિડિયન ખેતી ચુગ ડારી,
ફીર પછતાયે ક્યા હોવત હૈ?...ઊઠ

*(સંકલન : ડૉ. રશ્મિકાન્ત ઝવેરી)*

મહેનત એ એવી ચાવી છે જે ભાગ્યના દરવાજા ખોલી નાખે છે.

# ઈસ્લામ ધર્મ શું છે?

છે એક અલ્લાહ, તેના વિના બીજો કોઈ અલ્લાહ નથી એ માનવું.'

ત્યારે ઈસ્લામ ધર્મ પાળનારની સંખ્યા ત્રીસ કરોડથી વધુ છે. ઈસ્લામની મુખ્ય બાબતો પાંચ છે.

૧) ખુદા-અલ્લાહ એક છે. તે સ્વયંભૂ સર્વશક્તિમાન છે. દુનિયાની રચના કરનારો તે એકલો જ છે. તેનો (મદદગાર) બીજો કોઈ સોબતી નથી.

૨) એણે જગતમાં પયગમ્બરો મોકલ્યા છે. તે પૈકી હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સર્વશ્રેષ્ઠ છે.

૩) પયગમ્બરો અલ્લાહના સંદેશા-વહી પહોંચાડનારી હસ્તીઓ છે.

૪) એમની મારફતે અલ્લાહનાં ફરમાન કિતાબ રૂપે મોકલવામાં આવ્યા છે. પવિત્ર 'કુરાન' તેમાંની એક કિતાબ છે. એમાં ૧૧૨ સૂરા (અધ્યાય) છે.

૫) અંતે એકે દિવસે આ દુનિયાનાં પ્રલય થશે તે વખતે દરેક મડદાં જીવતાં થઈ કબરોમાંથી બેઠાં થશે. અલ્લાહ સર્વનો ન્યાય કરી દરેકને તેનાં પોતાનાં કર્યાં કર્મોનો યોગ્ય બદલો આપશે.

ઈસ્લામ ધર્મ બે બાબતો પર ભારે ભાર મૂકે છે.

(૧) 'તોહીદ' ખુદા-અલ્લાહ એક છે એમાં વિશ્વાસ રાખવો. મૂર્તિપૂજા ન કરવી, અનેક દેવ ન માનવા.

૨) નેક-પવિત્ર કામો કરવાં.

જેણે આવી સુંદર સૃષ્ટિ રચી છે તેનો ઉપકાર માનવા માટે ઈસ્લામ ધર્મે નીચેની પાંચ ફરજો બતાવી છે.

૧) કલમા : ''અલ્લાહ એક જ છે તથા તેના પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) છે'' એમ પઢવું.

૨) નમાઝ : દિવસમાં પાંચ વખત અલ્લાહની બંદગી કરવી.

૩) રોઝા : દર વરસે આખા રમઝાન માસમાં ઉપવાસ કરવો.

૪) જકાત : દોલત હોય તેમાંથી સેંકડે અઢી રૂપિયા દાન કરવું.

૫) હજ : ધન અને શક્તિ હોય તો મક્કા શરીફ જઈને કાબા સમક્ષ બંદગી કરવી.

આ ઉપરાંત અલ્લાહની ચાહત મેળવવા માટે અસત્યનો તથા ચોરીનો ત્યાગ કરવો, પત્ની, અનાથ, વિધવા, રોગી, અશક્ત માણસો તથા પ્રાણીઓ પર દયા રાખવી. પાડોશીઓને મદદ કરવી, ગુલામો પર જુલમ ન કરવો, કેફી-માદક વસ્તુઓ વાપરવી નહિ. આવા બોધથી દિન-પ્રતિદિન મુસલમાનોની સંખ્યામાં વધારો થયે જાય છે.

ઈસ્લામમાં 'એકતા' મુખ્ય સૂત્ર છે. બધા માણસો એક જ કોમના-જાતના છે, પછી

ભલે તો રાજા કે રંક હોય, ગરીબ કે તવંગર હોય, શેઠ કે ગુલામ હોય, કાળા, કે ધોળા હોય! કોઈ કોઈથી મોટા નથી કે કોઈ કોઈથી નાના નથી.

આ વાત વારંવાર હઝરતે જાહેર કરી છેઃ ''તમારામાંથી મોટા તે છે કે જે સર્વથી વધારે પવિત્ર અને પરહેઝગાર હોય.''

દુનિયાના બધા ધર્મો સાચા છે- બધા ધર્મો એક છે. દરેક જમાનામાં અલ્લાહે જુદા જુદા પયગમ્બરો મોકલ્યા છે. એ પયગમ્બરોએ સમય અને સંજોગો પ્રમાણે ખુદાની બંદગી કરવાની જુદી જુદી રસમો બતાવી છે. આખી દુનિયામાં મુસલમાનોનું પવિત્ર ધામ મક્કા શરીફ અરબસ્તાનમાં આવ્યું છે, દુનિયાભરના અસંખ્ય મુસલમાનો ત્યાં હજયાત્રા કરવા જાય છે. નગરની મધ્યમાં સાત મિનારાવાળી હરમની મસ્જિદ છે. ત્યાં વારંવાર ''લબ્બૈક, અલ્લાહુમ્મા, લબ્બૈક,'' ''હું અહીં છું.'' એવી બંદગી કરતો પોકાર વારંવાર સંભળાય છે.

*મુઝ્ઝફ્ફર હુસેન*

# ખાબોચિયામાંથી પાણી મેળવતાં પ્રાણી અને માનવી

દેશનાં કેટલાંક રાજ્યોની માફક કર્ણાટક રાજ્યના કેટલાક વિસ્તારો સુદ્ધાં પાણીની તીવ્ર સમસ્યાનો સામનો કરી રહ્યા છે. પાણી માટે વલખાં મારતા લોકોની હૃદયદ્રાવક કથાઓ આપણે છેલ્લા કેટલાક સમયથી વાંચતા આવ્યા છીએ. જોકે, આ કથા તો આંખમાં પાણી લાવી દે એવી છે. કર્ણાટકના લિંગાસુગુર તાલુકાના એક ગામની પરિસ્થિતિ અત્યંત વિચિત્ર છે. હાલના સમયમાં તમે આ ગામની કોઈ વ્યક્તિને ઘરે જાઓ અને જો તરસ છિપાવવા પાણીનો એક ગ્લાસ માગો તો જે દૃશ્ય તમારી સામે ખડું થાય એ તમને પીડા આપી જાય. પાણીનો એક ઘૂંટડો ભરવા પહેલાં તો તમારે ૪૩ ડિગ્રીના બળબળતા તાપમાં એક કિલોમીટરનું અંતર ચાલીને કાપવું પડે. કાળઝાળ ગરમીમાં આટલું ચાલ્યા પછી તમને એક ખાબોચિયા ભણી દોરી જવામાં આવે. એ ખાબોચિયું જોઈને તેમ જ આસપાસ ફેલાયેલી દુર્ગંધનો ખ્યાલ આવ્યા પછી આ પાણી પીવાલાયક તો નથી જ એવો તમારો મત બની જાય. અલબત્ત એ તમારો અભિપ્રાય હોઈ શકે છે, પણ જે જોવા મળે છે એ દૃશ્ય જોઈને કોઈ પણ વ્યક્તિ હેબતાઈ જાય. આ કહેવાતા પીવાના પાણીના સ્ત્રોતમાંથી મહિલાઓ અને બાળકો તેમનાં માટલાં અને ઘડા તો ભરે જ છે, પણ સાથે સાથે એ જ જગ્યાએથી બકરીઓ પણ પાણી પીને પોતાની તરસ છિપાવતી જોવા મળે છે.

૭૦ જણની વસતી ધરાવતા એલુમડીકર ડોડી નામના આ ગામના રહેવાસીએ આ સંદર્ભમાં જણાવ્યું કે 'અમારી વસાહત નજીકનો એક નાનકડો કૂવો ત્રણ વર્ષ પહેલાં સુકાઈ ગયા પછી અમે બીજો કૂવો ખોદ્યો. હવે જોકે એનું સ્વરૂપ ખાબોચિયાનું થઈ ગયું છે. પાણીના દરેક પ્રકારના વપરાશ માટે અમારી પાસે આ એક જ વિકલ્પ છે. મહિલાઓ અને બાળકો વહેલી સવારે આવીને પોતાને જોઈતું પાણી લઈ જાય એ પછી પ્રાણીઓ આ પાણીનો

વપરાશ કરે છે. પીવા માટે તેમ જ રાંધવા માટે પાણીના સાંસા હોય એવી અવસ્થામાં નહાવું કે કપડાં ધોવાનો તો વિચાર જ કેમ કરી શકાય? અમારા ગામથી સરકારને કોઈ આવક નથી થતી. એટલે સરકાર જેમ અન્ય ગામોને મદદ કરે છે એ રીતે અમને કોઈ જાતની સહાય નથી કરતી. પીવાલાયક પાણી તો નથી જ મળતું, પણ બીજી નગરી સુવિધાઓનો પણ અભાવ છે.'

આ ગામ પાણીની વિકટ સમસ્યાની સાથે બીજી પણ કેટલીક તકલીફો વેઠી રહ્યું છે. ગામમાં વીજળી જ નથી. કેટલાક લોકો પાસે મોબાઈલ ફોન છે ખરા પણ એ ફોન સરખી રીતે ચાલતા નથી. વળી જો કોઈ સાજુંમાંદું થાય તો એમને અમુક અંતર સુધી ખભે બેસાડીને લઈ જવા પડે છે અને ત્યાંથી કોઈ વાહનમાં સારી હૉસ્પિટલમાં લઈ જવા પડે છે.

***-સાભાર મુંબઈ સમાચાર***

---

# જીવનમાં ફરિયાદ નહીં, અફસોસ નહીં, આનંદ ઘૂંટીએ!
# એ ડોક્ટર માણસ નહીં પણ દેવતા હતો!

**-આચાર્ય શ્રી વાત્સલ્યદીપ' સૂરિજી**

સૌરાષ્ટ્રના એક નાનકડા ગામમાં ભાનુભાઈ મહેતા અને તેમના પત્ની કમળાબહેન રહે. તેમને એક દીકરો નામે શ્રેણીક.

ભાનુભાઈની નાનકડી કરિયાણાની દુકાન. સંતોષની જિંદગી જીવે. જરૂર પડે તો કોઈને મદદ કરવામાં પાછી પાની ન કરે.

કમળાબેન પણ એવા પરગજુ.

ભાનુભાઈ અને કમળાબહેનનું દાંપત્ય જીવન સૌ માટે પ્રેરક બની રહેલું. ક્યારેય કોઈ ઝગડો નહીં ઘરમાં હંમેશાં આનંદની હવા લહેરાય.

ભાનુભાઈ અને કમળાબેન સવારે દેરાસર જાય, પૂજા કરે. પછી સમય મળે તો સામાયિક કરે. ગામમાં ગુરુજનો પધારે તો ખૂબ ભક્તિ કરે. વ્યાખ્યાન સાંભળે પોતાના દીકરા શ્રેણીકને પણ આવા જ સુંદર સંસ્કાર આપેલા.

શ્રેણીક ખૂબ ડાહ્યો છોકરો હતો. ભણવામાં હોંશિયાર હતો. માતાપિતા ઈચ્છતા હતા કે તે ભણીને ડોક્ટર થાય સૌની સેવા કરે.

શ્રેણીક ભણવામાં ખૂબ મહેનત કરી અને તેની મહેનત રંગ લાવી, શ્રેણીક ડોક્ટર થયો.

શ્રેણીકની પ્રેક્ટિસ ખૂબ સરસ ચાલવા માંડી આજુબાજુના ગામોમાં પણ તેના નામની સુવાસ ફેલાઈ.

ડોક્ટર શ્રેણીકને બોલાવવા માટે દૂરના ગામેથી કોઈ આવે તો પણ ડોક્ટર શ્રેણીક ખચકાટ વિના જાય, ટ્રીટમેન્ટ કરે.

દર્દી કોઈ નાનો માણસ હોય તો ડોક્ટર પૈસા પણ ન લે. દવા પોતાની પાસેથી આપે.

ચારેકોર ડોક્ટરશ્રેણીકની પ્રશંસા થવા માંડી.

એ સમયે એવું બન્યું કે નાની નાની વાતમાં પણ આજુબાજુના ગામડેથી લોકો ડોક્ટરને બોલાવવા માટે દોડી આવવા લાગ્યા. સાવ નાના કારણોસર ડોક્ટરને બોલાવવા માંડયા. ડોક્ટર શ્રેણીકને લાગ્યું કે પોતે ફી માટે માથાકૂટ કરતા નથી અને સેવાભાવ દાખવે છે તેનો આ

દુરુપયોગ છે. ડોક્ટર શ્રેણીકે વિચાર્યું કે હવેથી કોઈ બોલાવવા આવે તો વિઝીટની ફી લેવી અને તે પણ પહેલેથી કહી દેવું.

ડોક્ટર શ્રેણીકે વિઝીટની ફી જાહેર કરી એટલે નાની નાની તકલીફોમાં ડોક્ટરને બોલાવવાનું લગભગ બંધ થયું.

ડોક્ટરની પ્રેક્ટિસ તો ધમધોકાર ચાલતી જ હતી.

સંધ્યાનો સમય હતો.

બાજુના ગામડામાંથી ડોક્ટર શ્રેણીકને બોલાવવા માટે એક મહિલા આવી. તેણે કહ્યું કે, પોતાનો પતિ બે-ત્રણ મહિનાથી બીમાર છે. લોકોએ જેમ સલાહ આપી તેમ આજ સુધી કર્યું છે. પોતાના પતિને બિલકુલ સારું નથી તે પથારીવશ છે. તમે જલ્દી આવીને ટ્રીટમેન્ટ કરો.

ડોક્ટર શ્રેણીકે પોતાની વિઝીટ ફી રૂપિયા દસ થશે તેમ કહ્યું. તે મહિલાએ હા પાડી.

ડોક્ટર ઘોડાગાડીમાં બેસીને તે મહિલા સાથે ચાલ્યા.

નાનકડું અને અંધારિયું ઘર. પથારીમાં એક બીમાર યુવાન સુતેલો, હાડકાના માળા જેવું શરીર!

ડોક્ટરે તેના શરીરની તપાસ કરી. નિદાન કર્યું. એક કાગળ પર દવા અને પરેજી લખી આપ્યા. કાગળ તે મહિલાને સોંપ્યો.

તે મહિલાએ કાગળ હાથમાં લીધો અને કહ્યું: '' ડોક્ટર સાહેબ, આપ થોડીવાર બેસો, હું હમણાં જ આવી.''

તે મહિલા હાથમાં કંઈક સંતાડતી ઘરની બહાર જવા લાગી હતી.

ડોક્ટરે તેને અટકાવી.

ડોક્ટરે પૂછ્યું, ''બહેન, આ હાથમાં કંઈક સંતાડતી તું ક્યાં જાય છે?''

તે મહિલા રડી પડી. તેણે કહ્યું: ''ડોક્ટર સાહેબ, મારા પતિ છેલ્લા બે-ત્રણ મહિનાથી બીમાર છે. ઘરમાં આવકનું બીજું કોઈ સાધન નથી જે છે તે વેચીને મારા પતિની સારવાર કરાવી રહી છું. તમને આપવા માટે દસ રૂપિયા અને આ દવા લાવવા માટેના પૈસા ઘરમાં નથી. મારી પાસે એક સોનાની બંગડી છે તે વેચીને પૈસા લઈ આવું છું અને તમને આપું. થોડીવાર બેસો.''

ડોક્ટરની આંખમાં ઝળઝળિયા આવી ગયા. તેમણે પોતાની બેગમાંથી પર્સ કાઢ્યું અને થોડા રૂપિયા તે મહિલાને આપતા કહ્યું: ''બહેન, મારી ફીની ચિંતા ન કર. પણ ઘરમાં રહેલું આ સાધન વેચીશ નહીં. લે આ રૂપિયા રાખ તે દવા માટે કામ લાગશે.''

ડોક્ટર આટલું કહીને ચાલવા માંડ્યા.

એ પંથકના લોકો ડોક્ટર શ્રેણીકને આજે જ યાદ કરે છે અને કહે છે: એ માણસ નહોતો એ દેવ હતો!

**પ્રભાવના**

છેલ્લો પચ્ચીસો વર્ષોથી મહાન અને જ્ઞાની જૈનાચાર્યો અરિહંત પરમાત્માના સ્મરણને કર્મક્ષય માટેનું ઉત્તમ સાધન કહે છે. આ વિધાનમાં તેમની સાધના અને અનુભવ છે કે અંતરથી એવું લાગે છે કે કંઈક હળવાશ થઈ. આ હળવાશ એટલે જ કર્મક્ષય?

સુખી થવાનો સીધો રસ્તો એ છે કે તમે બીજાને સુખ આપો.

# નાત-જાતના લેબલે મનુષ્યની વ્યક્તિ તરીકેની ઓળખ જ ભુલાવી દીધી છે

કળિયુગમાં માનવી ધર્મથી દૂર થતો જશે, એવી માન્યતા હતી, પણ આજે તો તમામ ધર્મોના અનુયાયી બહાર પડ્યા છે ઝનૂનથી, મુસ્લિમ તાલિબાનો 'મજહબ'ને નામે દુનિયામાં તોબા પોકારાવડાવે તો હિન્દુ મહારાજો, શાસ્ત્રીઓની ધર્મસ્થળો પર મોટી સંખ્યામાં હાજરી વર્તાય છે. ગંગાસ્નાન કરોડો ધાર્મિક લોકોએ કરીને ગંગાને વધારે પ્રદૂષિત કરી છે. સૌથી મોટી દેવી પ્રકૃતિદેવીને જ કલુષિત કરવામાં શરમ આવતી નથી. બીજે પક્ષે લોકોમાં ગુનાખોરી, અનૈતિક જીવનશૈલી, ભ્રષ્ટાચાર વધતાં જ જાય છે.

પ્રશ્ન ઊઠે છે કે જો ધર્મ માનવીને વધારે નીતિમય ન બનાવી શકતો હોય અને એને નામે મારફાડ વધતી જતી હોય તો ધર્મની જીવનમાં જરૂર છે? ધર્મ માનસિક પરિવર્તન કરવામાં સદંતર નિષ્ફળ નીવડ્યો છે. વ્યક્તિ જ્યારે ધાર્મિક બની જાય, ત્યારે પ્રકૃતિમાં વિશ્વાસ રાખતી બે વ્યક્તિનું મુક્ત મન કારાવાસમાં કેદ થઈ જાય છે. હૃદયની ભાષા સાંભળી જીવન જીવે, તો એ સારો માનવી બની શકે છે. ખોટું શું ને ખરું શું, તેની સમજણ આંતરમનને હોય જ છે. તમે ચોરી કરતા હો કે ખૂન, ત્યારે ધર્મ કે કાનૂનને યાદ નથી કરતા, છતાં આસપાસ નજર નાખો છો એને તમે સાંભળો નહીં, તો અવગણના કરી કુકર્મ કરો છો. એ બીજી વાત છે.

અમુક જ માન્યતામાં બંધાઈ જવું જોખમકારક છે. આજે 'આ હિન્દુ છે', 'આ મુસ્લિમ છે', આ ખ્રિસ્તી છે. એવી ઓળખ થઈ ગઈ છે. એની વ્યક્તિ તરીકેની ઓળખ જ ભુલાઈ ગઈ છે. મૃત્યુ પછી પણ 'હિન્દુ મરણ', 'મુસ્લિમ મરણ', ખ્રિસ્તી મરણ એમ નામ લખાય છે. એટલે ધર્મ મરણ પછી પણ કેડો મૂકતો નથી.

સાહિત્યિક રીતે 'મહાભારત'ને 'રામાયણ' ઉત્તમ ગ્રંથો છે. કવિ વાલ્મીકિની ભાષા, વર્ણન, પાત્રાલેખન તમને હચમચાવી મૂકે છે,પરંતુ ધાર્મિકને બદલે જીવનનું ઉપયોગી જ્ઞાન આપતા ગ્રંથો ગણાવી શકાય. ગીતાબોધ કોઈ પણ જીવનસંગ્રામ વચ્ચે ઘેરાઈ ગયેલી તમામ વ્યક્તિને માર્ગદર્શન આપે છે. એને માટે હિન્દુ થવાની જરૂર નથી 'સર્વ ધર્મ સમભાવ' આદર્શ કદી સફળ થઈ ન શકે. અલગ ભૂગોળ-ઈતિહાસ સંજોગોમાં ધર્મજનો છે. તેથી વિચારધારા પરસ્પર વિરોધી પણ હોય છે. જો તમે તમારી જ માન્યતા સાચી, એમ માનતા હો તો અન્ય માનતા સ્વીકારવી અશક્ય છે. સૌ પોતાનો ધર્મ સૌથી જૂનો છે ને એની કહેલી વાત સાચી છે એમ પ્રતિપાદિત કરવા મથે છે.

જગતભરમાં સૌથી વધુ લોહી ધર્મને કારણે વહ્યું છે. પશ્ચિમમાં યહૂદી-ખ્રિસ્તી-ઈસ્લામ તો ભારતમાં હિન્દુ-મુસ્લિમ, ૧૯૩૯ના બીજા વિશ્વયુદ્ધમાં માત્ર યહૂદી હોવાને કારણે ૬૦ લાખ યહૂદીઓ માર્યા ગયા.

*-મીનલ દીક્ષીત*

જે માણસો ઓછું વિચારે છે તેઓ જ ઘણું બોલતા હોય છે.

## એક અદ્‌ભૂત અને અનોખા પક્ષીનું નિકંદન થતું સરકાર જોઈ રહી છે

# મોરનું નિકંદન; સરકાર તમાશો જુવે છે

**-મેનકા ગાંધી**

મોર એ રાષ્ટ્રીય પક્ષી છે. દેશમાં લાંબા વિચાર બાદ તેને રાષ્ટ્રીય પક્ષી જાહેર કરાયું હતું. વર્ષોથી ભારતમાં મોર એ અદ્‌ભૂત પક્ષીની ગણનામાં આવે છે. તેને આદર અપાય છે. આપણે ત્યાં પક્ષીઓના કોઈપણ ભાગનો ધંધો કરવા પર પ્રતિબંધ હોવા છતાં આપણે મોરના અંગો ખાસ કરીને પીંછાનો ધંધો થવા દઈએ છીએ. ૧૯૭૨થી એટલે કે છેલ્લા ચાર દાયકાથી વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન એક્ટ અમલમાં હોવા છતાં મોરને ટાર્ગેટ બનાવાય છે. માણસ ધીરે ધીરે કુદરતને સમજી રહ્યો છે. કેટલાક વર્ષ પહેલાં તો માનતો હતો કે ગરમ શાલ ઘેટાના ચામડા પરના વાળમાંથી બને છે. હવે તેને ખબર પડી છે કે એક શાલ બનાવવા ૮ ચીરૂ ઍન્ટીલૉપ (સાબરની જાત) મારી નાખવામાં આવે છે. એવી જ રીતે મોરના પીંછાના ધંધાની વાત આવી ત્યારે કુદરતી રીતે ખરી પડતાં મોરના પીંછાના ધંધાને માન્યતા આપવામાં આવી હતી. એ વાત પણ સાચી છે કે અન્ય પક્ષીઓની જેમ મોરના પીંછા પણ ખરી પડે છે પરંતુ અન્ય પક્ષીના પીંછા આખું વર્ષ ખરે છે ત્યારે મોરના પીંછા વર્ષમાં માત્ર એક મહિનો જ ખરે છે. તે ઓગસ્ટની શરૂઆતથી સપ્ટેમ્બર સુધી આ પીંછા પણ ધીરે-ધીરે નથી ખરતા પણ એક સાથે જ ખરી પડે છે.

અહીંએ પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે મોર એ એકલવાયું પક્ષી છે. દિવસ દરમિયાન તે એકલું જ રહે છે. તેને ઉડવાની કોઈ ચોક્કસ દિશા કે પ્લાન નથી હોતો. તે પોતાની જાતના અન્ય પક્ષીઓ સાથે એક જ ઝાડ પર રહે છે. તે ક્યારેય પોતાનો માળો નથી બદલતા. એટલે તે આસાનીથી શોધી શકાય છે. તે માનવ વસ્તીની આસપાસ રહે છે. એટલે જ તેના પીંછાનો ધંધો ફૂલ્યો-ફાલ્યો છે. તેના ખરી પડેલા પીંછા કોઈ દુકાનમાં મળતા નથી. બીજો મુદ્દો એ પણ છે કે તે લાંબુ પણ નથી ઉડી શકતા કે ઊંચું પણ નથી ઉડી શકતા હોઈ તે આસાનીથી પકડી શકાય છે તે એટલું મળતાવડું હોય છે કે તમારા હાથમાંના અનાજના દાણા પણ ખાવા આવે છે.

મોરને ફસાવવામાં આવે છે; તેને મારી નાખીને તેના પીંછા ખેંચી લઈ ટ્રક દ્વારા કે અન્ય વાહનો દ્વારા તેના વેપારના સેન્ટરો સુધી પહોંચાડવામાં આવે છે. શિકારીઓ મોરનો પીછો ક્યાં કરવો તે જાણે છે. તેના પર લાઈટનો પ્રકાશ ફેંકીને આંધળો કરાય છે અને પછી જાળ ફેંકાય છે. મોટા ભાગના શિકારીઓ માને છે કે મરઘી પકડવી તેના કરતાં મહત્વનું મોર પકડવાનું છે. જો તેમને પકડવા મુશ્કેલ બને તો તેને ખવડાવવામાં આવતા દાણામાં ઝેર ભેળવીને ખવડાવાય છે. બીયારણ ખાવાથી મોર મરી ગયા હોવાના અહેવાલ વારંવાર જોવા મળે છે. જ્યારે રાજસ્થાન અને ગુજરાતમાં દુકાળ પડ્યો ત્યારે મોર લગભગ ખતમ થઈ

ગયા હતા. ત્યાં તે રોજ હજારોની સંખ્યામાં મરાતા હતા. મોરેના એક એવી જગ્યાનું નામ છે કે જે 'મોર'ના નામ પરથી પડ્યું છે. ત્યાથી દર અઠવાડીયે ઝેરવાળા બીયા ખાવાથી મોર મૃત્યુ પામ્યાના અહેવાલો આવે છે. રોજ એવા અહેવાલો આવે છે કે અજમેરના બુબકીયા ગામમાં ૫૦ મોર મૃત્યુ પામ્યા છે તો મધ્ય પ્રદેશના મતાઉલી ગામે ૭૦ ના મૃત્યુ, યમુના નગરમાં ૪૦ના મૃત્યુ, અંબાજી મંદિર નજીક ૧૫ મોરના મૃત્યુ વગેરે... વગેરે...

